# ----------- સમાચાર સંચય -----------

**રાજકોટ :** શ્રી અ. વ. ના. બોર્ડીંગ ટ્રસ્ટ અને હાટકેશ્વર પાટોત્સવ સમિતિના સંયુકત ઉપક્રમે રવિવાર તા. ૪/૭/૧૦ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે સમસ્ત જ્ઞાતિના ધો. ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરી સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ સ્થિત ધો.૧૦-૧૨માં ૭૫%થી વધુ માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની ઝેરોક્ષ નામ સરનામા ફોન નંબર સાથે તા. ૩૦/૬/૧૦ સુધીમાં નાગર બોર્ડીંગ કાર્યાલયે મોકલી આપવાની રહેશે. અથવા શ્રી વિભાકર અંજારીયા, શ્રી નૈષધ ધોળકિયા કે કૌશિકભાઈ પોટાને પણ પહોંચાડી શકો છો.

દર વર્ષ મુજબ શ્રી રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ટ્રસ્ટ દ્વારા લોઅર કે.જી.થી ધો. ૪ સુધી A+ અથવા ૮૦% ધો. ૫ થી ૯ ૮૫% તથા ધોરણ ૧૦થી ૧૨ માં ચાલુ વર્ષે ૮૦ % કે તેથી વધુ ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર સ્થાનિક તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત માનસિક/શારિરીક ક્ષતિ ધરાવતા કોઈપણ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અર્થે ટકાવારીના બાધ વગર પુરસ્કૃત કરવામાં આવશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓને માર્કશીટની ખરી નકલ નામ સરનામા અને ફોન નંબર સાથે તા. ૩૧-૮-૧૦ સુધીમાં શ્રી એમ. આર. વૈશ્નવ, આશિષ, ૧- અમરનાથ પ્લોટ, મહીલા કોલેજ પાસે, અથવા શ્રી એન. જે. વૈદ્ય કૃતિ, ૧૧ સુભાષનગર રૈયા રોડ અથવા કામિનીબેન ઝાલા 'કર્મયોગ' રિધ્ધિ સિધ્ધિ પાર્ક, રૈયા રોડને પહોંચતી કરવા વિનંતી છે.

અત્રે ફૂડ કોર્પો. ઓફ ઈન્ડીયામાં કાર્યરત શ્રી વિભાકર અંજારીયાએ રાષ્ટ્રીય કક્ષાએ માન્યતા પ્રાપ્ત ટ્રેડ યુનિયનમાં ચેરમેન તથા ગુજરાત રાજ્યના રીજીયોનલ વાઇસ ચેરમેન તરીકે એફસીઆઇના દરેક વર્ગના કર્મચારીઓ માટે કરેલ સુંદર કામગીરી બદલ કર્મચારીગણ તથા અધિકારીઓ દ્વારા શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું.

હર્ષિત વિભાકર અંજારીયા (બી.ઇ.-ઇસી)ત્રણ વર્ષ બેંગ્લોર ખાતે ઇન્ફોસીસ ટેકનોલોજીમાં સોફટવેર એન્જીનીયર તરીકે કાર્યરત રહયા બાદ CAT Exam માં ૯૭% માર્કસ મેળવી મેરીટ ઉપર મુંબઈની કે. જે. સામૈયા ઇન્સ્ટીટયુટમાં MBAમાં પ્રવેશ મેળવ્યો.

જૈનિક મનોજભાઈ દેસાઈ બી.ઇ.(ઇસી) થયા બાદ નોકીયા સીમેન્સ નેટવર્ક પ્રા. લી.માં ગુજરાતમાં બીજા ક્રમે પસંદગી પામી મુંબઈ ખાતે જોડાયા.

કંદર્પ વાલ્મિક ઢેબર બિરલા સનલાઈફ ઈન્સ્યુરન્સ અમદાવાદથી આઈ.સી.આઈ.સી.આઈ. પ્રુડેન્શ્યલ રાજકોટ ખાતે જોડાયા.

અત્રેના જ્ઞાતિના એક દાતા તરફથી બી. ટી. સવાણી કીડની હોસ્પિટલમાં રૂા. ૫૧ હજારનું અનુદાન આપવામાં આવતાં કીડની-ડાયાલીસીસની સારવારના જરૂરીયાતમંદ જ્ઞાતિજનો તેનો લાભ લઈ શકે છે. જે માટે બરછી કાર્યાલયનો ફોન નં. ૨૪૫૩૦૬૩ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

અત્રેના શ્રી સુધાકરભાઈ (૬૭ વર્ષ)શ્રીમતી નીલાબેન ધોળકિયા (૬૨ વર્ષ) તથા અમદાવાદ સ્થિત શ્રી નિત્યાનંદભાઈ (૬૪ વર્ષ)અને શ્રીમતી શૈલજાબેન ધોળકિયા (૬૧ વર્ષ)કૈલાસ માનસરોવરની કઠીન યાત્રા સુખરૂપ કરી આવ્યા.(તેઓ દ્વારા મળેલ યાત્રા માહિતી-વર્ણન યથાવકાશે પ્રસિધ્ધ કરીશું.)

અત્રેના દુર્ગેશ-વિશ્વેશ વૈશ્નવ સપરિવાર બેંગલોર, મૈસુર, ઉટી,કોડાઈકેનાલના પ્રવાસે જઈ આવ્યા.

શ્રી પ્રવીણભાઈ મ. વૈશ્નવ તથા શ્રીમતી તરલિકાબેન વૈશ્નવના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેમનાં સંતાનો તરફથી તા. ૧૫/૫ના રોજ ઋણ સ્વીકારનો એક સાદો કાર્યક્રમ યોજેલ.શરૂઆતમાં સમૂહમાં 'ત્ર્યંબક' ના પાંચ મંત્ર, પ્રાર્થના બાદ સૌ. હિનાબેને માતા પિતાના ઋણના પ્રસંગો કહયા. પ્રવીણભાઈએ જણાવે છે કે આજના સમયમાં વરસોનું મહત્વ નથી પરંતુ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશી તમે વડીલોની કેવી કાળજી લીધી, સંતાનોના શિક્ષણ પર કેટલું ધ્યાન આપ્યું. નોકરીમાં સ્થિર થવા શું મદદ કરી તથા તેમને સારો જીવનસાથી મળે તે માટે કેટલી ચીવટ લીધી અને ત્રીજા 'વાનપ્રસ્થ'માં તમે પ્રભુને કેટલા સમર્પિત થયા- આ બધામાં તમે જેટલા સફળ તેટલું તમારૂં દામ્પત્ય જીવન સફળ ગણાય.

બાળરોગ નિષ્ણાત ડો. અવનીશ બુચ તથા ડો. મૃદંગા બુચનાં પુત્રી ડો. ધ્વનિ (એમ.એસ.ગાયનેક) એ પોતાની અત્યાધુનિક સુવિધાસજ્જ 'સ્પંદન વિમેન હોસ્પિટલ'નો આનંદનગર વિસ્તારમાં શુભારંભ કર્યો.

અત્રેના પ્રશાંત બુચ સપરિવાર બેંગલોર, મૈસુર, ઉટી,કોડાઈકેનાલના પ્રવાસે જઈ આવ્યા.

અત્રેના નીલેશ અંજારીયા સપરિવાર કુલુમનાલી, સીમલા,મથુરા વૃંદાવન, આગ્રાના પ્રવાસે જઈ આવ્યા.

અત્રેના ડો. કેયુર મજમુદાર લોસ એન્જલસ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ હોમિયોપેથીક કોંગ્રેસ LIGA2010 માં ભાગ લેવા યુએસએ જઈ આવ્યા. વિશ્વ માંથી ૬૦૦થી વધુ ઉપસ્થિત સભ્યોની વચ્ચે તેઓનું પસંદ થયેલ પેપર 'ન્યુ એપ્રોચ ઈન કેન્સર કેસીસ' રજૂ કરેલ.

**જબલપુર :** અનીલભાઈ કૃપેશ મંકોડી સહપરિવાર સીંગાપોર, મલેશીયા, થાઈલેન્ડના પ્રવાસે જઈ આવ્યા.

**વડોદરા :** નાણાવટી વિદ્યોત્તેજક ગ્રુપ દ્વારા ગુજરાતમાં વસતા નાગર/નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે વર્ષ ૨૦૧૦ માટે પારિતોષીકો આપવામાં આવશે. માર્ચ ૨૦૧૦માં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૮૦% કે તેથી વધુ અને સામાન્ય પ્રવાહમાં ૭૫% કે વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓએ ૧૫ ઓગષ્ટ સુધીમાં માર્કશીટની નકલ સરનામા-ફોન નંબર સાથે ડો. રવિન્દ્ર સુખવંતરાય નાણાવટી 'બિલિપત્ર' એ-૧૮ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરાને સરનામે મોકલી આપવા જણાવાયેલ છે.

અત્રેના તારક કુમારભાઈ બુચે કે.એસ.બી. કંપનીમાં આસી.મેનેજર (માર્કેટીંગ)તરીકે બઢતી મેળવી.

શ્રી મુકુલ અશ્વિનકુમાર વૈશ્નવ એલ.આઇ.સી.માં એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર તરીકે બઢતી મેળવી અમદાવાદ ખાતે ઓડીટ સેન્ટરમાં બદલાયા.

સતિષચંદ્ર ઘનશ્યામરાય ઘોડાનાં પુત્રી હિતેષીનું સગપણ પોરબંદર સ્થિત ઉલ્લાસભાઈ શ્રીનિવાસભાઈ બક્ષીના પુત્ર ગૌરવ સાથે. (માધ્યમ બરછી)

**અંકલેશ્વર :** મનન પ્રિયવદન માંકડ કાર્વી કન્સલ્ટન્ટસ માંથી બિરલા સનલાઈફ મ્યુચ્યુલ ફંડ ભરૂચ ખાતે જોડાયા.

**ભુજ :** અત્રેની નાગર વ્યવસ્થાપક મંડળની ત્રણ વર્ષ માટે કારોબારીની રચનામાં પ્રમુખ તરીકે સર્વશ્રી અતુલ એમ. મહેતા, મંત્રી ડો. ઉર્મીશ એચ. હાથી,ખજાનચી વાય. એચ. વોરા તથા સભ્યો તરીકે ચંદ્રવદન

ધોળકિયા, અપૂર્વ ધોળકિયા, જીજ્ઞેષ ઝાલા, ભૌમિક વચ્છરાજાની, દર્શક બુચ તથા શ્રીમતી મંદાબેન પટ્ટણી બીનહરીફ ચૂંટાઇ આવ્યા.

અત્રેના શ્રી હેતલ મધુકર અંજારીયાના પુત્ર ચિ. નિકેત તથા ચિ. ખંતને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

**જામનગર :** રાજકોટના હાલ જામનગર સ્થાયી થયેલ શ્રીમતી દિવ્યાબેન વિપીનભાઈ છાયાએ પુરૂષોત્તમ માસમાં તેમનાં નિવાસસ્થાને 'સર્વતો ભદ્રમંડળ' પુરી પૂજન અર્ચન કરેલ. જ્ઞાતિગોર શ્રી કલ્પેન્દ્રભાઈ પંડયાએ કરાવેલ. પોતાની હયાતી દરમ્યાન સૌભાગ્યની વસ્તુઓ સ્થાપનમાં મૂકી ધન્યતા અનુભવેલ. સવારે સગા સબંધીઓને ફરાળી ભોજન તથા સાંજે સગા સ્નેહીઓ, દર્શનાર્થીઓનું ફરાળી અલ્પાહારથી સ્વાગત કરેલ.

કેરીઅર એકેડેમી આયોજીત કાર્યક્રમમાં 'ધોરણ-૧૨ પછી શું ? તે અંગે શ્રી યોગેશ પોટા દ્વારા મલ્ટી મિડીયા દ્વારા વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

**સુધારો :** મે માસમાં (પાના નં.૬ ઉપર) શ્રી ભરતભાઈ છાયા લિખીત 'પુષ્પ પતંગા'- 'હાઈકુ સંગ્રહ'ના આલેખમાં ભરતભાઈના પુત્રીનું નામ ડો. નંદીનીબેન જતીન દેસાઈને બદલે ડો. નંદીનીબેન જતીન ઝાલા છપાયેલ. શરતચૂક બદલ દરગુજર.

**સગપણ : અત્રેના મધુકરભાઈ પ્રહલાદરાય માંકડના પુત્ર દર્શનનું સગપણ જૂનાગઢ સ્થિત હરીશભાઈ મણીશંકર ઓઝાનાં પુત્રી પૂજા સાથે.**

**ભાવનગર :** ભાવનગર જીલ્લા શાળા વિકાસ સંકૂલ સમિતિ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે આયોજીત 'પર્યાવરણ અને ગુજરાત' વિષય ઉપર પ્રતિક જયેશભાઈ અંતાણીએ સુંદર નિબંધ લખી દોઢસોથી વધુ સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન મેળવી રૂા. ૨૦૦/નો રોકડ પુરસ્કાર મેળવ્યો.

**શુભ લગ્ન : ભાવનગર નિવાસી શ્રી રસેન્દુભાઈ દેસાઈના પુત્ર સર્જીતના લગ્ન માંગરોળના રાજકોટ સ્થિત શ્રી કિરીટભાઈ વસાવડાનાં પુત્રી હેમા સાથે.**

શ્રોતાઓની પસંદગીના આધારે આકાશવાણી રાજકોટ દ્વારા જયેશ અંતાણી લિખિત ચિંતનાત્મક 'રત્નકણિકા' મે માસ દરમ્યાન પુનઃપ્રસારિત કરવામાં આવી. તેઓએ ૧૦૩મી વાર રકતદાન કર્યું.

શ્રી દેવેન્દ્ર મોતીભાઈ દેસાઈ સ્મૃતિ સમિતિના સૌજન્યથી ધો. ૧૦ થી ગ્રેજ્યુએશન સુધીના કોઈપણ એક વર્ષના અભ્યાસ માટે જરૂરીયાતમંદ જ્ઞાતિનાં વિદ્યાર્થીનીને રૂપિયા દશ હજાર સુધીની આર્થિક સહાય આપવામાં આવશે જેનું નામ ગુપ્ત રાખવામાં આવશે તથા વર્ષ દરમ્યાન અભ્યાસમાં તેજસ્વી એક વિદ્યાર્થીનીને 'આઉટ સ્ટેન્ડીંગ પરફોર્મન્સ' માટે રનિંગ શીલ્ડ આપવામાં આવશે. વિદ્યાર્થીનીઓએ તેમના બાયોડેટા, વાર્ષિક આવક તથા ગુણપત્રક તથા પ્રમાણપત્રોની કોપી ડો. કૈરવીબેન દેસાઈ-જોશી, ૩૦૧ કલ્પસુત્ર એપાર્ટમેન્ટ, કાળુભા રોડ, ભાવનગરને સરનામે મોકલી આપવી.

**જૂનાગઢ :** દૂરદર્શન રાજકોટ અમદાવાદની ચેનલ પરથી દર મંગળવારે પ્રસારીત થતા કાર્યક્રમ 'ચટ સવાલ પટ જવાબ'ના પ્રથમ રાઉન્ડમાં અત્રેના શ્રી ચિંતન વૈશ્નવે પ્રથમ નંબર મેળવ્યો. જેનું પ્રસારણ તા. ૧૫ જૂલાઈના રોજ સવારે ૮ થી ૮ : ૩૦ અને સાંજે ૫ઃ૩૦ થી ૬ દરમ્યાન થશે.

---

**અમદાવાદના** શ્રી ક.સૌ. વ.નાગર મંડળ તરફથી આપવામાં આવતી શિષ્યવૃત્તિ પારિ.માટે માર્કશીટ મોકલવાની છેલ્લી તા. ૧૫/૧૦/૧૦ છે તેથી માહિતી સ્થળ સંકોચને કારણે આવતા અંકમાં પ્રસિધ્ધ થશે.

## એસ.એસ.સી.માં મિહિર છાયા બોર્ડમાં છઠા સ્થાને



રાજકોટના મિહિર કૌશિકકુમાર છાયાએ માર્ચ-૧૦માં લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષામાં ૯૫.૮૫% માર્ક્સ સાથે ગુણાનુક્રમે સમગ્ર ગુજરાત રાજ્યમાં છઠાં અને રાજકોટ જીલ્લામાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ જ્વલંત સફળતા મેળવી છે. વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગણિતમાં ૯૯ અને અંગ્રેજીમાં ૫૦ માંથી ૫૦ ગુણ મેળવ્યા છે.ઈતરપ્રવૃત્તિઓમાં અગ્ર રહેલ ચિ. મિહિરનું આ સફળતા બદલ રાજ્ય સરકાર અને રાજકોટની અનેક સંસ્થાઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

ચિ. મિહિર શિક્ષણશાસ્ત્રી સ્વ. નરહરપ્રસાદ શિવપ્રસાદ જોષીપુરાના દોહિત્ર થાય.

શાળા, પરિવાર, જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર ચિ. મિહિરને અભિનંદન સાથે શૈક્ષણિક ક્ષેત્ર અને ઈતરપ્રવૃત્તિઓની પોતાની આગેકૂચ જારી રાખો તેવી શુભેચ્છા.

## એસ.એસ.સી. બોર્ડમાં નવામા સ્થાને જ્યોત અંતાણી



અમદાવાદ સ્થિત મૂળ ભુજના શ્રી દિગંતભાઈ સી. અંતાણી તથા શ્રીમતી જીજ્ઞાશાબેનના પુત્ર જ્યોત અંતાણીએ તાજેતરમાં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૫.૩૮% સાથે બોર્ડમાં નવમો ક્રમાંક,અમદાવાદમાં ત્રીજા અને પોતાની શાળા સી. એન. વિદ્યાલયમાં બીજા ક્રમાંક સાથે ઉત્તીર્ણ થઈ ઝળહળતી ફતેહ હાંસલ કરી છે. આજના સમયમાં ઉલ્લેખનીય છે કે તેમણે કોઈપણ જાતના ટ્યુશન વગર શાળાના શિક્ષકોના માર્ગદર્શન અને આત્મવિશ્વાસ સાથે પોતાની મહેનતથી આ સફળતા મેળવી છે. દરેક વિષયમાં ઉચ્ચ ગુણાંક અને ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવેલ છે. ચિ. જ્યોત આઈઆઈટીમાં અભ્યાસ કરવાની મહેચ્છા ધરાવે છે. અભ્યાસ સાથે સંગીતમાં પણ ઉપાન્ત્ય વિશારદ પૂર્ણ કરી,સંગીત વિશારદનો અભ્યાસ કરી રહયા છે. હાર્મોનીયમ, તબલા અને ગાયનમાં નિપૂણતા ધરાવતા જ્યોતે તાજેતરમાં અમદાવાદ ખાતેની સુગમ સંગીતની સંસ્થા 'સ્વરસેતુ'ના શ્રેષ્ઠ ગાયકો શ્રી શ્યામલ-સૌમિલ તથા આરતીબેન મુનશીના વૃંદમાં મે માસમાં યોજાયેલ 'સ્વર્ણિમ સ્વર ગુજરાતી'માં વડોદરા તથા અમદાવાદમાં યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લીધો. આમ, ચિ. જ્યોતે દાદા સ્વ. ચંદ્રકુમારભાઈ અંતાણી અને નાના પ્રદ્યુમ્નભાઈ ઢેબરના કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

જ્યોતની કલા અને શિક્ષણની જ્યોત સદા ઝગમગતી રહે તેવી શુભેચ્છા સાથે અભિનંદન.

## એચ.એસ.સી.માં જય બક્ષી બોર્ડમાં દસમા સ્થાને

જૂનાગઢના શ્રી રાજેશ સ્નેહકાન્તભાઈ બક્ષીના પુત્ર જય બક્ષી તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨(અંગ્રેજી માધ્યમ)ની પરીક્ષામાં ૯૦% સાથે ૧૪૬માં ક્રમે અને સાયન્સ મેરીટમાં ૯૭% ગુણ સાથે સમગ્ર ગુજરાતમાં દસમા ક્રમાંકે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન સહ શુભકામના.



## કુ. હિરણા માંકડ ટીસીએસમાં જોડાયાં

મૂળ ભુજના રાજકોટ સ્થિત શ્રી શિરીષ માંકડ અને શ્રીમતિ સાધનાબેન માંકડનાં તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં પુત્રી કુ. હિરણા માંકડ વિદ્યાનગરથી ડીસ્ટીંગશન સાથે બી.ઇ.(ઇસી) થયા બાદ ટીસીએસ કંપનીમાં બેંગ્લોર ખાતે સીસ્ટમ એનાલીસ્ટ એન્જીનીયર તરીકે જોડાયાં. અભિનંદન.

**ન્યુજર્સી** તા 8 મે 2010 ના રોજ યુનાઇટેડ સ્ટેસ્ટ ઓફ અમેરીકા (યુ.એસ.એ) ના ન્યુજર્સી રાજ્ય માં આવેલ કરની (Kearny) ના વૈકુંઠ ધામ હિન્દુ મંદીરમાં દાદાના પાટ્ગટયોત્સવ નિમીત્તે નાગર ઓફ નોર્થ અમેરીકા (NONA) ના બેનર હેઠળ જ્ઞાતિજનોનું સ્નેહ મિલન યોજાઇ ગયું જેમાં ત્રિનેત્રેશ્ર્વર મહાદેવની સમક્ષ મંદીરના પુજારી શ્રી દ્વારા દાદાના પુજન - અર્ચન બાદ ગરમાગરમ ચ્હા, જલેબી, મેથીના ગોટા તથા બટેટા અને મરચાના ભજીયાનો આસ્વાદ માણતા રાજકોટ, જામનગર જુનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા પાટણ (ઉ.ગુ.) વિગેરે સ્થળોએથી આવી અમેરીકાના અલગ અલગ વિસ્તાર માં વસેલા જ્ઞાતિજનોએ એક બીજા સાથેનો પરિચય તાજો કર્યા બાદ NONAના પ'મુખ શ્રી હિમાન્શુભાઇ દેસાઇએ સ્વાગત પવચનમાં NONAના કાર્યકરોની ઓળખ આપી, નોનાની કાર્યવાહિનો તથા મે માસ દરમ્યાન બાલટીમોર - મેરીલેન્ડ ખાતે યોજાયેલ પાટોત્સવનો વિસ્તૃત અહેવાલ આપ્યા બાદ શ્રી અવિનાશભાઇ વ્યાસની રચના માડી તારું કંકુ ખર્યુ શ્રીમતિ મોનાલીબેન બક્ષી ના કંઠે રજુ થતાની સાથે સાંસ્કૃતીક કાર્યક'મની શુરુઆત થઇ. કાર્યક'મમાં રાજકોટ સ્થીત બરછી ના સક્રીય પ'તીનીધી શ્રી મધુકરભાઇ વૈષ્ણવના પુત્રી રીતીબેન જયદીપભાઇ નાણાવટી દંપત્તિ સહિત અબાલ વૃધ્ધોએ કાય'કમ આપ્યો જેમાં બાળ પતિભા પૈકી કુ. પાચી મંદાર દવે (ગુજરાતી હાસ્ય લેખક જ્યેતીન્દભાઇ દવે ના પૌત્રના પુત્રી)એ ભારતનાટયમ થકી કલા અને સંસ્કૃતી ને મંચ ઉપર જીવંત બનાવી કાર્યકમ સફળ બનાવ્યો,NONA વતી શ્રી હિમાન્શુભાઇએ આભારવિધી કરી. અંતે દાદા ના મહા પ'સાદ તરીકે શ્રીખંડ, પુરી, પાટવડી સહિતના ભોજન નો આસ્વાદ માણી જ્ઞાતિજનો સુંદર સંભારણુ લઇ છુટા પડેલ. જ્ઞાતિજનોના આ મિલન સમારંભમાં વડોદરા સ્થિત બરછી ના પતીનીધી પતીક અંજારીઆએ NONAના કાર્યકરોના સાથ સહકાર થી ઇ બરછીના ગ્રાહકોની નોંધણી કરેલ.

**(પ્રતીક અંજારીયા યુએસએના પ્રવાસે છે...ઇ-મેઇલથી મોકલેલ સમાચાર તેમણેજ ટાઈપ કરેલા તેમના જ શબ્દોમાં..)**

# ----:-:-:-: પરીક્ષાના પરિણામો :-:-:-:----

ઘો. ૧૦-૧૨ કોલેજ કક્ષામાં પ્રથમ કે દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના પરિણામો પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે પત્ર ફોનથી કે SMS થી લખી/લખાવી શકો છો. બોર્ડ, યુનિવર્સિટી કે કેન્દ્રમાં ૧થી ૧૦માં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓના તેમજ કોઈપણ વિદ્યાશાખામાં પ્રથમ વર્ગ સાથે અનુસ્નાતક થનાર વિદ્યાર્થીઓના ફોટા (તમારા લાભાર્થે) પ્રસિધ્ધ કરવામાં આવે છે. દરેક ફોટા પ્રસિધ્ધિના રૂા. ૫૦/-કુરીઅર કે મ. ઓ.થી સમાચાર સાથે જ મોકલવાના રહે છે. પરિણામની પ્રસિધ્ધિ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક તો છે જ સાથે જ શિક્ષણ સાથે જ નોકરી વ્યવસાય, સગપણ-લગ્ન પણ સંકળાયેલ છે...પરિણામની યાદી વાંચીને કો'ક જ્ઞાતિભાવના ધરાવતા જ્ઞાતિજન નોકરી માટે યાદ કરી શકે છે અથવા તમે કે સંતાનો વાંચીને પોતાને યોગ્ય પાત્ર શોધી શકશો...અને ફાયદો એ થશે કે તે આપણી જ્ઞાતિનું હશે..! તો સારાં 'પરિણામો'મેળવવા તમે પણ મોકલી શકો છો સંતાનોના પરિણામ...! -તંત્રી.

## એસ.એસ.સી.

નૈસર્ગી જયેશ વસાવડા ૮૬% રાજકોટ
વેદાંત સમીર વસાવડા ૭૬% રાજકોટ
મૈત્રેયી હિમાંશુભાઈ રાણા ૮૪% રાજકોટ
હેત મનોજભાઈ માંકડ રાજકોટ
સાગર પ્રકાશભાઈ બુચ ૮૪% રાજકોટ
સમીર પ્રકાશભાઈ બુચ ૮૬% રાજકોટ
નીલ ભાલકુંજ દેસાઈ CBSE ૭૪% જામનગર
રોહન જીતેન્દ્ર પોટા CBSE ૭૪% જામનગર
જૂહી તુષાર અવાશીયા ૮૮% જૂનાગઢ
પોયણી દિવ્યાંગ ઝાલા ૮૪% જૂનાગઢ
દેવાંશી એ. ધોળકિયા ૯૦% ભુજ
રાજવી એ. પાઠક પ્રથમ વર્ગ ભુજ
નચીકેત યુ. અંતાણી ૯૧% ભુજ
દિશા જે. ધોળકિયા ૯૦% ભુજ
અંજલિ બી. માંકડ પ્રથમ વર્ગ ભુજ
પૂર્વા એન. અંતાણી ૭૦% ભુજ
હેલી કેતન ઓઝા ૮૬% વડોદરા
ઋચા શશાંક ધોળકિયા ૯૦% વડોદરા
ધીમહિ નિશીથ દેસાઈ ૮૬% વડોદરા
ચિરાયુ વિશ્વેશ ભગત પ્રથમ વર્ગ અમદાવાદ
શુભાંષી પદ્માકર દેસાઈ (મ.બોર્ડ) ૮૭% " "
આરોહી મેહૂલ બુચ પ્રથમ વર્ગ વલસાડ
ધૈરવ ગૌરાંગ વસાવડા ૯૩% CBSE બોર્ડ સુરત
પૂજા રાકેશ હાથી પ્રથમ વર્ગ ભાવનગર
પૂજા રાકેશ હાથી પ્રથમ વર્ગ ભાવનગર
હર્ષ નીલેશ ઓઝા ૮૦% જામનગર
તેજસ દિલીપ માંકડ દ્વિતીય વર્ગ જામનગર
દેવાંગ બી. માંકડ પ્રથમ વર્ગ જામનગર
ભસ્માંગ વી. ધોળકિયા ૮૫% જામનગર
વીમી એમ. માંકડ પ્રથમ વર્ગ જામનગર
કૃતિ હિતેશ છાયા ૮૯% જામનગર
વિક્રાંત અશોક ઝાલા ૮૯% આદીપુર
ઉત્કર્ષ નયનકુમાર ઝાલા જામખંભાળીયા
માંગલ્ય તેજસ મજમુદાર જામખંભાળીયા
મહેક બિમલભાઈ દેસાઈ ૮૨% ઉના

## એચ.એસ.સી.

ઉત્સવી વિશ્વેશ દેસાઈ પ્રથમ વર્ગ વડોદરા
મેઘા દેવલ વસાવડા (વિ.પ્ર.)૮૯% વડોદરા
હાર્દિ દીપકભાઈ બુચ ૭૮% વડોદરા
ધેનુ શૈલેષ ઘોડા ૮૬% વડોદરા
ઉદીત કંદર્પભાઈ બુચ દ્વિતીય વર્ગ વડોદરા
સચીન સ્નેહલ દેસાઈ ૮૮% વડોદરા
ધૈવત હેમાંગ અંતાણી (વિ.પ્ર.)પ્રથમ વર્ગ વડોદરા

સોહમ કંદર્પ મુનશી(CBSE) ૯૦% વડોદરા
કુ. પ્રણામી અશોકભાઈ અંજારીયા પ્રથમ વર્ગ વડોદરા
ધ્વની રાજીવ મંકોડી ૮૮% રાજકોટ
કૈરવી દુર્ગેશ વૈશ્નવ ૭૮% રાજકોટ
સૌરભ હિતેન્દ્ર ઘોડા પ્રથમ વર્ગ રાજકોટ
નિશીતા વિરલ વૈશ્નવ પ્રથમ વર્ગ રાજકોટ
કિશન પ્રદીપ માંકડ ૮૩% રાજકોટ
હર્ષ રાજૂલ કિકાણી ૮૧% રાજકોટ
ઝંકૃત રીતેન અંતાણી ૮૩% ભુજ
કુ. માનસી મનીષ વૈદ્ય ૭૧% (વિ.પ્ર.)ભુજ
ધ્વનીલ સુભાષ ધોળકિયા પ્રથમ વર્ગ'' ભુજ
ઝંકૃત રીતેન અંતાણી ડીસ્ટી. (વિ.પ્ર.)ભુજ
ચિંતન નીતીન અંતાણી ડીસ્ટી. ભુજ
ધ્રુવમ્ પરેશ વૈશ્નવ ૭૮% ભુજ

**કુ. શ્વેતા કૈવલ્ય વોરા ડીસ્ટીંગશન ભુજ**
**(શાળા પ્રથમ કચ્છમાં ત્રીજા સ્થાને)**

ઈતિ રશેષ પટ્ટણી પ્રથમ વર્ગ ભુજ
ભાવિક સુધીર ધોળકિયા દ્વિતીય વર્ગ ભુજ
કુ. હીમજા મયુર અંજારીયા દ્વિતીય વર્ગ ભુજ
નિયતી નયન અંતાણી દ્વિતીય વર્ગ ભુજ
પ્રિયંકા સુભાષ વસાવડા ૮૫% જૂનાગઢ
હેલી જનાર્દન ધોળકિયા (વિ.પ્ર.)૭૩% જૂનાગઢ
મહેશ સંજીવ વોરા (વિ.પ્ર.) ૮૫% જૂનાગઢ

**કોષા ભદ્રેશ ઓઝા ૮૮% પોરબંદર**
**(કેન્દ્રમાં ચોથું સ્થાન)**

શ્રેયા મૌલેશ ઓઝા ૭૩% પોરબંદર
મિહીર કશ્યપભાઈ વૈશ્નવ (CBSE) ૮૮% મુંબઈ
તન્મય મનીષભાઈ ભગત(મ.બો.)૮૩% મુંબઈ
કૃતાર્થ રસેન્દુ વૈશ્નવ ૭૧% મુંબઈ
પ્રીત ભૂષણ હાથી ૯૪% જોધપુર
મૌલી ઉત્સવ ધોળકિયા પ્રથમ વર્ગ જામનગર
ખુશાલી કેદાર ધોળકિયા ૮૨% ગાંધીનગર
પૂજા જ્યોતિન્દ્ર ધોળકિયા પ્રથમ વર્ગ વેરાવળ
સંગતિ જીજ્ઞાશુ વૈશ્નવ પ્રથમ વર્ગ અમદાવાદ
ધ્યેય ટી. વસાવડા ૭૮% અમદાવાદ
જયતિ ભવેશકુમાર પંડયા '' જામખંભાળીયા
ઋત્વિજ સુનીલભાઈ વોરા ૮૧% માધાપર (કચ્છ)
ઉદય વિનોદરાય અંતાણી ૯૧% સુરત
(ગણિત ૧૦૦/વિજ્ઞાન ૯૯)

**એસ. વાય. બી.એ.**

કુ.નૈઋત્તી ત્રિલોચન ઝાલા પ્રથમ વર્ગ પોરબંદર

**ટી. વાય. બી.એ.**

કુ. શિવાની પરેશ બુચ દ્વિતીય વર્ગ જૂનાગઢ

**એસ.વાય. બી.કોમ.**

સંકેત અજય વૈશ્નવ પ્રથમ વર્ગ જામનગર

**ટી.વાય. બી.કોમ.**

મંદાર બિમલભાઈ દેસાઈ દ્વિતીય વર્ગ ઉના
નિધિ દિગંતભાઈ અંજારીયા '' વડોદરા

**ટી. વાય. બી.એસસી.**

કુ. બાગેશ્રી જયેશ ઝાલા પ્રથમ વર્ગ જામનગર
કુ. ખુવના મંકોડી પ્રથમ વર્ગ જામનગર

**કુ. સલોની કંદર્પ મુનશી ૭૭% વડોદરા**
**(યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે)**

કુ. ઉર્વી નયન માંકડ પ્રથમ વર્ગ વડોદરા

**બી.સી.એ. (સેમે. ૬)**

પલક જનાર્દનભાઈ ધોળકિયા દ્વિતીય વર્ગ જૂનાગઢ

**એમ.સી.એ.**

કુ. ધરા યોગેશ પોટા ડીસ્ટીંશન જામનગર

**બી.ડી.એસ.**(ત્રીજું વર્ષ)

કુ. યેષા કેયૂરભાઈ ધોળકિયા ૬૩% જૂનાગઢ

**બી. એડ્.**

કુ. મીનળ શૈલેષભાઈ બુચ ૮૯% રાજકોટ
દેવન પુરણભાઈ વસાવડા પ્રથમ વર્ગ રાજકોટ

**બી.ઈ.(સીઇ)**

કુ. ધરા અમરીશભાઈ ઓઝા સેમે.૪ ૭૮% ભરૂચ

## બોર્ડમાં ઝળકતા જ્ઞાતિના તેજસ્વી તારકો...

### ICSE બોર્ડમાં દર્શીલ વૈશ્નવ પ્રથમ સ્થાને



એકવાર મેળવાય તે સફળતા અને તેનું પુનરાવર્તન એટલે સિધ્ધિ. માર્ચ ૨૦૧૦માં લેવાયેલ ધો. ૧૨ ICSE બોર્ડની પરીક્ષામાં રાજકોટના ડો. અસીત વિજેન્દ્રરાય વૈશ્નવ અને શ્રીમતી મીનાબેન વૈશ્નવના પુત્ર દર્શીલ વૈશ્નવે વિજ્ઞાનના વિષયો સાથે 'બી ગ્રુપ'માં પીસીબી મેરીટમાં ૯૭% માર્કસ મેળવીને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થવાની સિધ્ધિ હાંસલ કરી છે. દર્શીલે ધો. ૧૦માં ૯૨.૪% માર્કસ મેળવી રાજકોટ કેન્દ્રમાં પ્રથમ સ્થાને જ્વલંત સફળતા મેળવ્યા બાદ વિદ્યાભ્યાસના 'ગ્રાફ'ને ઉપર લઈ જઈ આ સિધ્ધિ થકી પ્રસિધ્ધિ મેળવવાના હકદાર થયા છે.

પિતાના પથ પર તબીબ થવા જઈ રહેલ દર્શીલને શુભકામના સાથે અભિનંદન.

### એચ.એસ.સી.માં દેવાંશી માંકડ બોર્ડમાં પાંચમા સ્થાને



એકવાર મેળવાય તે સફળતા અને તેનું પુનરાવર્તન એટલે સિધ્ધિ. રાજકોટ સ્થિત શ્રી શિરીષ માંકડ અને શ્રીમતિ સાધનાબેન માંકડનાં પુત્રી કુ. દેવાંશી માંકડે પણ સાર્થક કરી છે. તેણીએ ધો. ૧૦માં બોર્ડમાં ત્રીજું અને કેન્દ્રમાં બીજું સ્થાન મેળવી સફળતા મેળવ્યા બાદ સખત મહેનતના ફલસ્વરૂપે તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨ એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૪.૧૪% સાથે બોર્ડમાં પાંચમા સ્થાન અને રાજકોટ જીલ્લામાં બીજાં સ્થાને ઉત્તીર્ણ થવાની સાતત્યપૂર્ણ સિધ્ધિ હાંસલ કરી કુટુંબ અને જ્ઞાતિને વિશેષ ગૌરવાન્વિત કરેલ છે. તેણીએ બાયોલોજી વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી ભવિષ્યમાં તબિબી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી કારકિર્દી ઘડતરની તમન્ના જાહેર કરેલ તે ધ્યેય તરફ આગેકૂચ કરી રહયાં છે.

ચિ. દેવાંશી આ બીજી સફળતા બદલ પણ અનેક સંસ્થાઓ દ્વારા સન્માનિત થઈ રહેલ છે પરંતુ આ સન્માનો, ઈનામો અને મિડીયા દ્વારા અપાતી પ્રસિદ્ધિથી નિર્લેપ રહી શકયાં છે જે તેણીની ધ્યેયનિષ્ઠાની પ્રતિતી કરાવે છે અને આ પણ સાંપ્રત સમયમાં એક સિધ્ધિ છે અને તેની અમે નોંધ લઈ, જ્ઞાતિ વતી ગૌરવભેર અભિનંદન સાથે આગેકૂચ જારી રાખે તેવી શુભકામના પાઠવીએ.



### એચ.એસ.સી.માં કીર્તન જોષીપુરા બોર્ડમાં પાંચમા સ્થાને

સુરતના શ્રી અનીલપ્રસાદ જોષીપુરાના પૌત્ર તે ડો. જગદીપ તથા ડો તૃષા જોષીપુરાના પુત્ર કીર્તન જોષીપુરા તાજેતરમાં લેવાયેલ એચ.એસ.સી. ની પરીક્ષામાં સાયન્સ મેરીટમાં ૩૦૦માંથી ૨૯૪ માર્કસ સાથે સમગ્ર ગુજરાતમાં પાંચમા અને સુરત કેન્દ્રમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ પ્રદાન કર્યું છે. કીર્તન મીકેનીકલ એન્જીનીયર થવાની તમન્ના ધરાવે છે.



### એસ.એસ.સી.માં ભાષા રાજીવ મારૂ કેન્દ્રમાં દશમા સ્થાને

રાજકોટના અ. સૌ. અંજનીબેન તથા પ્રફુલ્લભાઈ મારૂનાં પૌત્રી અને અ. સૌ. પ્રાપ્તિ તથા ડો. રાજીવ મારૂનાં પુત્રી ચિ. ભાષા મારૂ તાજેતરમાં લેવાયેલ ગુજરાત બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૪.૧૫% માર્કસ સાથે રાજકોટ કેન્દ્રમાં ૧૦માં સ્થાને ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. તેણી ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે અને એન્જીનીયરીંગમાં જવા ઈચ્છા ધરાવે છે. અભિનંદન સહ શુભકામના પાઠવીએ.

## ડોક્ટરેટની પદવી મેળવતાં ઊર્જા માંકડ



રાજકોટનાં શ્રીમતી ઊર્જા માંકડે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વડા ડો. કે. એચ. મહેતાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાનિબંધ 'ડીસ્ટોપીયન નોવેલ્સ ઈન ધ ફર્સ્ટ હાફ ઓફ ધ ટવેન્ટીએથ સેન્ચુરી અ કમ્પેરેટીવ સ્ટડી ઓફ 1984, બ્રેવ ન્યુ વર્લ્ડ એન્થમ' ને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.

ઊર્જા માંકડ હાલમાં આત્મીય ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્યરત છે. તેઓ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના ભૂતપુર્વ આચાર્ય સ્વ. મુકુલ કનકપ્રસાદ માંકડનાં પુત્રી અને રાજકોટમાં ૫૨ વર્ષથી ખ્યાતિપ્રાપ્ત માંકડ કલાસીઝના શ્રી બિપિનભાઈ માંકડના પુત્રવધૂ છે.

બંને કુટુંબના ઉચ્ચ શિક્ષણવારસાને દીપાવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ડો. ઊર્જા માંકડને અભિનંદન સહ ઉજ્જવળ ભાવીની શુભકામના.

## શ્રી નિનાદ ઝાલા પીએચ.ડી. થયા



આણંદ ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ વર્કના કાર્યવાહક પ્રાચાર્ય શ્રી નિનાદ શિરીષ ઝાલાને 'Knowledge Attitude and Practices about Sexuality among Youth' વિષય માટે પીએચ.ડી.ની પદવી સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવી.એમ. એસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ સોશ્યલ વર્કના રીડર ડો. અંકૂર સકસેનાના માર્ગદર્શન હેઠળ શ્રી નિનાદ ઝાલાએ સ. ૫. યુનિવર્સિટીમાં સોશ્યલ વર્કના આ વિષયમાં સૌ પ્રથમ ડોકટરેટની પદવી પ્રાપ્ત કરવાનું બહુમાન હાંસલ કરેલ છે. શ્રી નિનાદ સરદાર પટેલ યુનિવર્સિટીના સેનેટ સભ્ય હોવા ઉપરાંત ગુજરાત એઈડઝ કંટ્રોલ સોસાયટી, નેશનલ એઇડઝ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના કાર્યક્રમો માટે રાજ્ય અને કેન્દ્રીય સ્તરે રીવ્યુઅર તરીકે માન્યતા મેળવી વધારાનું કિર્તીમાન પ્રાપ્ત કરેલ છે. તેઓ ગુજરાતની અન્ય યુનિવર્સિટી તેમજ IGNOUમાં પણ સોશ્યલ વર્કના કાર્યક્રમો સાથે સંકળાયેલા છે.

પોરબંદર સ્થિત સ્વ. ભગવતીપ્રસાદ સદાશંકર ઝાલાના પૌત્ર અને રાજકોટ સ્થિત સ્વ. ચંદુલાલ પ્રતાપરાય બુચના દોહીત્ર ડો. નિનાદને અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છા.

## કુ. પ્રેરણા પરાગ માંકડ એમ.બી.બી.એસ.માં યુનિવર્સિટી પ્રથમ



ભરૂચ સ્થિત પરાગ અંબરીષભાઈ માંકડનાં પુત્રી કુ. પ્રેરણા માંકડ માર્ચ ૨૦૧૦માં લેવાયેલ સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે ઉત્તીર્ણ થઈ હાલ કરમસદ ખાતે શ્રીક્રિષ્ણા હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ કરી રહયાં છે. કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર તબીબ બેન પ્રેરણાને અભિનંદન સહ ઉજ્જવળ ભાવિની શુભકામના પાઠવીએ.

મુંબઈ ખાતે ફિડાલીટી ઈન્ફોર્મેશન સીસ્ટમ્સ લી. માં સિનિયર સોફટવેર એન્જીનીયર તરીકે કાર્યરત ભરૂચ સ્થિત પરાગ અંબરીષભાઈ માંકડનાં પુત્રી કુ. રિધ્ધિ માંકડને કંપની તરફથી અમેરીકા ખાતે સાનડીએગોમાં ત્રણ માસ માટે પ્રોજેકટ ડેવલોપમેન્ટ અર્થે મોકલવામાં આવ્યાં. અભિનંદન.

## એવરગ્રીન ભદ્રાયુ ધોળકિયાની સ્મૃતિ ચિરંજીવ બની



રાજકોટ શહેરના ગૌરવપથ–કાલાવડ રોડ સ્થિત રામધામ અને જગન્નાથ પ્લોટને સાંકળતા માર્ગને જ્ઞાતિના જાણીતા અને માનીતા, ગૌરવ પુરસ્કારથી સન્માનિત કલાકાર 'સ્વર્ગસ્થ ભદ્રાયુ ધોળકિયા માર્ગ'નું નામકરણ મેયરશ્રી સંધ્યાબેન વ્યાસના વરદ હસ્તે કરવામાં આવ્યું. તા. ૨૭/૫ના રોજ રાજકોટ મહાનગર પાલિકાના નેજા હેઠળ રાજકીય, સંગીત ક્ષેત્રના અગ્રણીઓ, જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં યોજાયેલ ગરીમાપૂર્ણ સમારંભની પરિકલ્પના આયોજન અને સંચાલનની જવાબદારી શ્રી રાજીવ વછરાજાનીએ નિભાવેલ. કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચનમાં શ્રી દેવાંશુ દેસાઈએ મહાનગર પાલિકાના સત્તાધીશો પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી હતી. શ્રીમતી કસ્તુરી મંકોડીએ પુસ્તક અને ખાદીના રૂમાલથી મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું.

મેયરશ્રી સંધ્યાબેને કલાક્ષેત્રને પ્રોત્સાહીત કરી નવાજવા માટે યથાયોગ્ય સહકારની ખાત્રી આપી હતી તો સ્થાયી સમિતિના ચેરમેનશ્રી કશ્યપ શુકલએ ભદ્રાયુ ધોળકિયાની સ્મૃતિ ચિરંજીવ રાખવા કલા પુરસ્કાર યોજના ઘડી કાઢવા સૌને જણાવેલ. સમાજ કલ્યાણ સમિતિના યુવા ચેરમેન શ્રી દેવાંગ માંકડે ભદ્રાયુ ધોળકિયા સાથેના નીકટતમ નાતાને યાદ કરી લેસ્ટરના સાંસ્કૃતિક કાર્યક્રમના સંસ્મરણો વાગોળી નામકરણ દ્વારા તેમની સ્વરસ્મૃતિને ચિરંજીવ રાખવાના મહાનગરપાલિકાના અભિગમને બિરદાવેલ. જીવંત 'માણસ'ના માર્ગ ઉપર ચાલી સ્મૃતિ જાળવીએ...વાગોળીએ !

## ----- : અનંતના યાત્રીઓ : -----

✝ એક સમયના જ્ઞાતિસેવાના સક્રીય કાર્યકર અને બરછીના પ્રતિનિધી તરીકે સેવા આપનાર શ્રી સર્વદમનભાઈ જોશીપુરાનું ૮૩ વર્ષની વયે જૂનાગઢ ખાતે અવસાન...બરછી પરીવારના શ્રધ્ધાસુમન.

✝ અમદાવાદ ખાતે તા. ૨૦/૫/૧૦ના રોજ શ્રી નરેન્દ્રભાઈ ઈન્દુરાય મારૂનું ૮૦ વર્ષની વયે અને તા. ૨૧/૫ના રોજ તેઓના પત્ની ઈલાબેન નરેન્દ્રભાઈ મારૂનું ૭૬ વર્ષની વયે અવસાન થયું (જીવનથી મૃત્યુ સુધીનો સંગાથ, કેવું ઋણાનુબંધ ? વિરલ ઘટના કહી શકાય.) ✝ ગં. સ્વ. નિર્મળાબેન (બેનીબેન)ડાયાભાઈ વસાવડાનું જૂનાગઢ ખાતે. ✝ જયકાન્તભાઈ ઉમીયાશંકર વોરાનું ૭૮ વર્ષની વયે મુંબઈ ખાતે. ✝ ઉનાના ધરાબેન ભરતભાઈ વોરાનું ૫૭ વર્ષની વયે આકસ્મિક નિધન ✝ ભુજના ભૂતપુર્વ પ્રમુખશ્રી બચુભાઈ એચ. ધોળકિયાનું ૭૫ વર્ષની વયે ભુજ ખાતે. ✝ શ્રી નરેશકુમાર પ્રભાશંકર ધોળકિયાનું ૭૫ વર્ષની વયે ભુજ ખાતે. ✝ ડો. નલીનકાન્ત સવાઈલાલ રાણાનું ૮૦ વર્ષની વયે આણંદ ખાતે. ✝ રેખાબેન પદ્મનાભ પાઠકનું ૫૮ વર્ષની વયે ભુજ ખાતે. ✝ પ્રો. જીતેન્દ્ર નાનાલાલ અંતાણીનું ૬૯ વર્ષની વયે ભુજ ખાતે.તેઓએ દેહદાન કર્યું. ✝ અ. સૌ. ધરાબેન ભરતભાઈ વોરાનું ૫૬ વર્ષની વયે ઉના ખાતે. ✝ શ્રી રૂદ્રકાન્ત ધૈર્યશંકર દેસાઈ તે રાજકોટના સ્વ. દિનકરભાઈ રતીલાલ ઝાલા (ઝાલા માસ્તર)ના જમાઈનું ૭૬ વર્ષની વયે વડોદરા ખાતે. ✝ પાલનપુર સ્થિત કેતન દિનેશચંદ્ર હાથીનું ૪૪ વર્ષની વયે અવસાન.✝ શ્રી હરીશભાઈ જનકરાય ધોળકિયાનું ૭૨ વર્ષની વયે અમદાવાદ ખાતે.મૂળ જેતપુર નિવાસી તરલીકાબેન હેમેન્દ્રભાઈ ઝાલાનું ૮૯ વર્ષની વયે અમદાવાદ ખાતે ✝ શ્રી અનીરૂધ્ધભાઈ એન. જીકારનું ૭૫ વર્ષની વયે ભાવનગર ખાતે.

શ્રી પ્રકાશ રોહીતભાઈ મહેતાનું ભાવનગર ખાતે ✝ અરૂંધતિબેન સ. દેસાઈનું ભાવનગર ખાતે.

# શ્રી હાટકેશ મહિલા સંગઠન દ્વારા જૂનાગઢ ખાતે સંમેલન યોજાયું





**પ્રથમ ફોટામાં મીરાબેન ભટ્ટનું વકતવ્ય...મંચ ઉપર (ડાબેથી) વિશાખાબેન,ચંદ્રમોહન વ્યાસ, કાજલબેન, ભાવનાબેન, મહાશ્વેતાબેન વૈદ્ય –**

**બીજા ફોટામાં સૂત્રધાર મહાશ્વેતાબેન વકતવ્ય આપી રહયાં છે. પાછળ મંચસ્થ મહાનુભાવો...**

જૂનાગઢ ખાતે તા. ૨૯–૩૦ મેના રોજ શ્રી હાટકેશ મહિલા સંગઠન દ્વારા બે દિવસ માટે સમગ્ર ભારતમાં વસતા નાગરોનું વિશાળ સંમેલન યોજાય ગયું. તા. ૨૮/૫ના રોજ બિહાર, ઓરીસ્સા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન,મુંબઈ તેમજ ગુજરાતના અનેક શહેરોમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેલ.તા. ૨૯/૫ના રોજ શ્રી વિદ્યુતભાઈ જોષી પૂર્વ કુલપતિશ્રી ભાવનગર યુનિ.ના પ્રમુખ સ્થાને સવારના ૧૦ વાગ્યે સંમેલનનો પ્રારંભ દિપપ્રગટયથી ગુજરાતના અગ્રગણ્ય લેખીકા અને ટીવી કલાકાર શ્રીમતી કાજલ ઓઝા વૈદ્યના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રીમતી રંજના હરીષ, ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વડા, કટાર લેખક શ્રી જય વસાવડા તેમજ નિવૃત્ત ઈતિહાસવિદ્ ડો. અનીલભાઈ કિકાણી ઉપસ્થિત રહયા હતા.તેઓએ તેમના પ્રવચનો વિસ્તૃત રીત નાગર સમાજની પ્રગતિ અંગે આપ્યાં હતાં.

સાંજના શ્રી રાજુભાઈ ભટ્ટ અને નીરૂબેન દવેના મધૂર કંઠે ભકતકવિ નરસિંહ મહેતાના ભજનો રજૂ થયેલ. ત્યારબાદ હાટકેશ મહિલા મંડળ–ગાંધીગ્રામના બહેનોએ માતાજીના ગરબાની રમઝટ બોલાવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને ઉદ્‌ઘોષણા જૂનાગઢના આકાશવાણીના ઉદ્‌ઘોષક શ્રી સંજીવ મહેતાએ કરેલ. તા. ૩૦/૫ના રોજ અખિલ હિંદ મહિલા પરિષદ દિલ્હીના સેક્રેટરી જનરલ તરીકે સેવા આપી રહેલ શ્રીમતી શિવાનીબેન મહેતાના પ્રમુખ સ્થાને મહિલા સંમેલનનું આયોજન કરાયેલ. જેના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રાજકોટના સૌ પ્રથમ મહિલા મેયર શ્રીમતી ભાવનાબેન જોષીપુરા,શ્રી વડનગરા નાગર મંડળના પ્રમુખ શ્રીમતી વિશાખાબેન પોટા તેમજ રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ સમાજ દિલ્હીના પ્રમુખ શ્રી ચંદ્રમોહનભાઈ વ્યાસે નાગર સમાજની ઉન્નતી માટેના પોતાના વકતવ્યો રજૂ કર્યાં હતાં. આ વકતવ્યમાં દરેક નાગરે પોતાના વ્યવસાયમાંથી થોડો સમય જ્ઞાતિના ઉત્કર્ષ અને કલ્યાણકારી કાર્યો માટે (જ્ઞાતિભાવના સાથે નિસ્વાર્થભાવે) ફાળવવો જોઈએ તેવો સૂર રજૂ કરેલ. જૂનાગઢના વિદ્વાન કથાકાર શ્રી મીરાબેન ભટ્ટના શુભ હસ્તે દિપપ્રાગટય કરી નાગર સમાજમાં પોતાનું યોગદાન આપનાર શ્રીમતી વિશાખાબેન પોટા, ઉપરાંત શ્રીમતી ભાવનાબેન જોષીપુરા તેમજ શ્રીમતી કાજલ ઓઝાને પણ 'નાગર નારી રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. સ્વાતંત્ર સંગ્રામના સેનાનીઓ સમેતના અનેક સદ્‌ગ્રહસ્થોને 'નાગર રત્ન' એવોર્ડથી સન્માનિત

કરવામાં આવ્યા હતા. તો ગુજરાતમાં અનેક સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ બાળકલાકાર કુ. રાધા રાજીવ મહેતાનું પણ શ્રેષ્ઠ કલાકાર તરીકે સન્માન કરવામાં આવેલ. આમ સૌનું સન્માન કરાયેલ.

શિવાનીબેન મહેતાએ બહેનોને સમાજના ઉત્કર્ષ માટે ક્રાન્તીકારી વિચારો અપનાવી સામાજીક દૂષણો દૂર કરવા બહેનોને અનુરોધ કર્યો હતો. શાજાપુરથી પધારેલ શ્રી રાજેન્દ્ર નાગર, હેમંત દૂબે ડો. પ્રેમકુમાર નાગર તેમજ દિલ્હીના શ્રી સૂર્યકાંત નાગર, ચંદ્રમોહન વ્યાસ તેમજ જૂનાગઢના શ્રી મહેશ્વરભાઈ પંચોળીએ જ્ઞાતિની ઉન્નતી માટે યુવા તથા મહિલા પેઢીના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો યોજવાની આવશ્યકતા પર ભાર મૂકી બંને પેઢી વચ્ચેના ભેદભાવ દૂર કરવા કટીબધ્ધ થવા અનુરોધ કર્યો હતો.

ઉપસ્થિત ૫૦૦ સભ્યોની ભોજન અને નિવાસની વ્યવસ્થા મંગલમૂર્તિ તથા અક્ષરવાડીના વિશ્રામગૃહમાં કરવામાં આવી હતી.સર્વે આ વ્યવસ્થાનો આનંદ માણી સ્વસ્થાને રવાના થયેલ.

## સ્કેટ ક્રિકેટના ચીફ રેફરી તરીકે શ્રી હિમાંશુ રાણા

સ્ટેટ ક્રિકેટ ફેડરેશન ઓફ ઈન્ડીયા, રાજકોટ મહાનગરપાલિકા અને પૂજા હોબી સેન્ટરના સંયુકત ઉપક્રમે રાજકોટના બાલભવન ખાતે વિશ્વમાં સૌ પ્રથમ સ્કેટ પહેરીને ક્રિકેટની (સ્કેટીંગ ક્રિકેટ)નેશનલ ચેમ્પીયનશીપ ૨૦૧૦ યોજાય ગઈ. જેમાં ૧૨ રાજ્યોના ૨૩૫થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટના શ્રી હિમાંશુ જે. રાણાએ ચીફ રેફરી તરીકે માનદ્ સેવાઓ આપી, સૌ પ્રથમવાર રમાતી આ નવતર રમતને સફળતા અપાવવા બદલ ચાર વર્ષ માટે ચીફ રેફરી તરીકે નિયુકત થયા અને આ સંન્નિષ્ઠ સેવા બદલ ફેડરેશન તરફથી રાજકોટના જીલ્લા કલેકટરશ્રીના વરદ્ હસ્તે ટ્રોફી આપી સન્માનિત પણ કરવામાં આવ્યા.

આ ચેમ્પીયનશીપમાં તેઓના નાના પુત્ર મૈત્રેય રાણાએ ગુજરાતની અંડર–૧૭ની મીક્ષ ટીમનું સફળ સુકાનીપદ સંભાળી સીલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા. પિતા–પુત્રને અભિનંદન.

## ભાવનગરમાં નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ

અખીલ ભારતીય નાગર પરિષદ–ભાવનગર શાખાના ઉપક્રમે ભાવનગરમાં આતાભાઈ ચોક વિસ્તારમાં ભાવનગર મહાનગરપાલિકાના સૌજન્યથી 'આદ્ય કવિ ભકત નરસિંહ મહેતાની પ્રતિમા' અનાવરણના દિવ્ય પ્રસંગનું તા. ૩/૬/૧૦ના રોજ આયોજન થઈ ગયું. કાર્યક્રમની શરૂઆતમાં અ.ભા.ના.પરિષદના પ્રમુખ શ્રી ગજેન્દ્રભાઈ મહેતાએ મહેમાનોનું શાબ્દિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યા બાદ ભાગવતાચાર્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયાનું શાલ ઓઢાડી સન્માન કરેલ. ભાવનગરના મેયર,પદાધિકારીઓ,ઉદ્યોગપતિ,પરિષદના આગેવાનો,જ્ઞાતિજનો ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માજી સાંસદ શ્રી પ્રસન્નવદનભાઈ મહેતા બીરાજેલ. જ્યારે ભાગવતાચાર્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયા તથા મહંતશ્રી મુકુંદશરણજી મહારાજના હસ્તે દીપપ્રાગટય બાદ શ્રી ભૂપેન્દ્રભાઈ પંડયાના શુભ હસ્તે નરસિંહ મહેતાની અર્ધ કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ મહાનગર પાલિકાના સૌજન્યથી આતાભાઈ ચોકને નરસિંહ મહેતા ચોક તથા આ ચોકથી રૂપાણી સુધીના માર્ગને નરસિંહ મહેતા માર્ગ નામાભિધાન પણ પુનઃજીવીત કરવામાં આવ્યું.

કાર્યક્રમને સફળ બનાવવામાં શાખા પ્રમુખશ્રી ગજેન્દ્રભાઈ મહેતા, સર્વશ્રી હરકાંતભાઈ દેસાઈ, યોગેન્દ્રભાઈ શુકલ, અનિલભાઈ મહેતા, બિપીનભાઈ વોરા, રશ્મિભાઈ પાઠક,શ્રીમતી અર્ચનાબેન રીંડાણી તથા પ્રશાંતભાઈ વોરાએ જહેમત ઉઠાવી હતી.

**પાના નં.　　ના ફોટામાં ભદ્રાયુ ધોળકિયા માર્ગ નામાધિમાન કરતાં સંધ્યાબેન વ્યાસ અને કુટુંબીજનો–મહાનુભાવો વકતવ્ય આપતાં મેયર સંધ્યાબેન વ્યાસ ઈન્સર્ટ તસ્વીરમાં શ્રી કશ્યપ શુકલ જમણે શ્રી રાજીવ વછરાજાની**

## સેવાના સાચા ભેખધારી ગુણવંતભાઇ ઝાલાની અલવિદા



આજની મતલબી દુનિયામાં પરમાર્થ કાજે જીવતા સજ્જનોની સંખ્યા ઘટતી જાય છે આવા પરમાર્થી સજ્જનોમાંના એક જામનગરના શ્રી ગુણવંતભાઈ ઝાલાએ તા. ૨૮-૫-૧૦ના રોજ ફાની દુનિયામાંથી વિદાય લીધી. ગુજરાત સરકારની હાઈકોર્ટમાં ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી. આ દરમ્યાન અનેક જ્ઞાતિ-ઈતર જ્ઞાતિજનોને કાયદાકીય માર્ગદર્શન આપેલ. પ્રખ્યાત ન્યાયાધીશોની પણ ચાહના મેળવેલ. આ કરતાં તેઓએ દાયકાઓથી સમસ્ત જ્ઞાતિની ઉન્નતી અને ઉત્કર્ષ માટે સર્વમાન્ય મોભી અને વડીલ તરીકે તદ્દન નિસ્વાર્થભાવે, જે ઉમદા સેવાકીય કાર્યો કર્યા તે હંમેશા યાદગાર રહેશે. તેઓએ પત્નીનો સાથ તો છએક વર્ષ પહેલાં ગુમાવેલ તેમ છતાં જીવનમાં નીરસતાને પ્રવેશવા દીધેલ નહીં. ઉપરાંત ડો. જયેશભાઇ ઝાલાએ શ્રવણની ભૂમિકા અદા કરી તેમનાં પત્ની-સંતાનોએ સેવા સંસ્કારની પરંપરા જાળવી બતાવી.મુ. ગુણવંતભાઈની સેવા યાદી ઘણી લાંબી થાય,ઘણી ખબર પણ ન પડવા દીધી હોય છતાં કેટલાક દાખલારૂપ સત્કાર્યો-સેવાકાર્યોમાં...

નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઈડ ટ્રસ્ટ, શ્રી વડનગરા નાગર મંડળ તેમજ અન્ય સંસ્થાઓ માટે નિરપેક્ષ સેવા- તેઓ ઘણા વર્ષોથી લગ્નોત્સુક યુવક યુવતીઓની યાદી રાખતા,કાયમ નોટબુક સાથે જ હોય અને આ 'મોબાઈલ મેરેજ બ્યુરો'માં જ્ઞાતિજનો નામ નોંધાવે અને આ માહિતી જરૂરીયાતમંદોને સ્વખર્ચે પહોંચાડતા અને આ મૂલ્યવાન સેવા દ્વારા ઘણાના સગપણ-લગ્ન ગોઠવાયાં પણ છે.- નવપરણિત યુગલો માટે 'સપ્તપદી' શું છે તેનું કન્યાએ કેમ પાલન કરવું તેની શીખ આપતી પત્રિકા છપાવેલ અને કન્યા પક્ષને શુભાશિષ સાથે અવશ્ય મોકલવાની નૂતન પ્રવૃત્તિ છેલ્લા કેટલાક વર્ષોથી શરૂ કરેલ. સંસાર સુખી કરાવવા માટેની કેવી ઉદાતભાવના ! થોડા વર્ષથી પગની શારિરીક તકલીફ છતાં લાકડીના ટેકે અને મજબૂત મનોબળના સહારે સત્સંગો, ધાર્મિક પ્રસંગો કે અન્ય કોઈપણ સારા પ્રસંગોમાં તેઓની હાજરી પ્રોત્સાહક અને માઠા પ્રસંગોમાં હૂંફવર્ધક બની રહેતી.

જૂની પેઢીના છતાં પરિવર્તન અપનાવી સ્વીકારનાર ગુણવંતભાઈ તથા અન્ય વડીલોએ તાજેતરમાં જ 'બરછી'માં જ્ઞાતિએ ઉઠમણા જેવા રીતરીવાજોમાં સુધારો લાવી દૂરના સગા સ્નેહીજનોના બહારગામ ના ઉઠમણામાં જઈ સમય, સામી વ્યકિતને પડતી અગવડ,ખર્ચને ધ્યાનમાં લઈ તેમાં ફેરફાર કરવા -ન જવા, ઘેર પ્રાર્થના કરવા સૂચવેલ. ઘણાખરા જ્ઞાતિજનોએ પણ આ સૂચન આવકાર્યું. સર્વદા અન્યનું હીત જોતા મુ. ગુણવંતભાઈ જાણે છેલ્લે છેલ્લે પણ અગમવાણીથી આ પત્ર લખવા પ્રેરાયા હોય તેમ લાગે.

અંતમાં મુખ્ય નોંધ લેવી ઘટેજ કે શાંતિભાઈના સમયથી એટલે કે બરછીની શરૂઆતથી આજ પર્યંત તેઓની લવાજમ, સમાચારો દ્વારા અનન્ય સેવાઓ મળી. અમે ૧૯૯૮માં વ્યાવસાયિક વ્યસ્તતા સબબ બરછીનું પ્રકાશન સ્થગીત કરવાની જાહેરાત કરતાં તેઓએ ત્યાંના અસંખ્ય જ્ઞાતિજનો, સંસ્થાઓના પત્રો દ્વારા પોતાની,જ્ઞાતિની કોઈપણ વધારે મદદની જરૂરીયાત માટે તૈયારી સાથે (તેઓના શબ્દોમાં જ્ઞાતિને જોડતાં) આ માધ્યમના પ્રકાશન જારી રાખવા લાગણીસભર દબાણ કરાવી 'બરછી'ને નવજીવન બક્ષ્યું અને આમ અમને પણ પિતાશ્રી શાંતિભાઈ પછી હૂંફાળા હિતેચ્છુ વડીલની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

આમ અગ્નિ ઝીલી પ્રકાશ અને સુવાસ ફેલાવી જનાર પરદુઃખભંજન,સૌમ્ય,મીતભાષી ગુણવંતભાઈના જીવનના સદ્ગુણો અપનાવીએ તે જ તેમને શ્રધ્ધાંજલિ.